
CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૭ ઓગસ્ટ, ૨૦૨૬









AI જનરેટેડ

# AI યુગના બાળકો જનરેશન આલ્ફા શું Gen-Z કરતાં એક ડગલું આગળ રહેશે?




થોડાં દિવસ પહેલા સમાચારોમાં Gen-Z છવાયેલા રહ્યાં હતાં. Gen-Z પછીની જનરેશન કે જે હજી કિશોરાવસ્થામાં છે જેમને જનરેશન આલ્ફા કહેવાય છે તેમની પર પણ હવે લોકોનું ધ્યાન કેન્દ્રિત થવા લાગ્યું છે. આ જનરેશન આલ્ફાના જીવનની શરૂઆત જ મોબાઇલ ફોનથી થઈ છે. ઇતિહાસની આ એવી પહેલી પેઢી હશે જે સંપૂર્ણ રીતે ડિજિટલ દુનિયા, AI અને ટચ સ્ક્રીન ઉપકરણો સાથે મોટી થઈ છે. તમે ઘણા ઘરોમાં જોયું જ હશે કે મમ્મીને બાળકને ખવડાવવું હશે તો મોબાઇલ ફોન ચાલુ કરવો જ પડશે. જ્યાં સુધી બાળકને મોબાઇલ ફોનમાં કાર્ટૂન જોવા નહીં મળે ત્યાં સુધી તો તે મોઢામાં કોળિયો લેશે જ નહીં. 2013થી 2025 સુધીમાં જન્મેલા બાળકો જનરેશન આલ્ફામાં સામેલ છે. આમના માટે એવું કહેવું પણ અતિશયોક્તિ નથી કે આ જનરેશન ટેક્નોલોજીની સાથે સાથે મોટી નથી થઈ રહી પણ તે ટેક્નોલોજીની અંદર જ મોટી થઈ રહી છે. એવું કહેવાય છે કે, સુરતની જનરેશન આલ્ફાના લગભગ 80થી 83% બાળકો મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે. આમના પોતાના મોબાઇલ ફોન પણ છે અને લેપટોપ પણ સ્ટડી માટે પેરેન્ટ્સ પાસેથી મેળવ્યા છે. તો ચાલો આ જનરેશનના બાળકો કઈ ઉંમરથી મોબાઇલ ફોન હાથમાં પકડતા થઇ જાય છે, તેઓ મોબાઇલ ફોનમાં શું જોતા હોય છે, શું વધારે સર્ચ કરે છે, શું ડાઉનલોડ કરે છે અને તેઓ માર્કેટ ચેન્જર પણ છે તો કઈ રીતે તે આપણે જાણીએ....




## રમકડાં, પુસ્તકો, સ્માર્ટ ગેજેટ્સ, ફેશન એક્સેસરીઝ ઓનલાઇન ખરીદે છે

આ જનરેશનમાં સ્માર્ટ ફોન, સોશ્યલ મીડિયા અને વીડિયો પ્લેટફોર્મના વધતા ઉપયોગને કારણે ઘણી વસ્તુઓનું માર્કેટ વિસ્તર્યું છે. તેઓ માત્ર દર્શક નથી રહ્યા પણ પરિવારની ખરીદીના નિર્ણયોને પ્રભાવિત કરે છે. એક સ્ટડી પ્રમાણે સુરતના બાળકો ટોયઝ, સ્પોર્ટ્સનો સમાન, એજ્યુકેશનલ ગેમ્સ, પુસ્તકો, સ્ટેશનરી, ફેશન એસેસરીઝ, સ્માર્ટ ગેજેટ્સ જેમકે સ્માર્ટ વૉચ ખરીદતા હોય છે કે તેની ડિમાન્ડ પેરેન્ટ્સ સમક્ષ કરે છે. આ બાળકો Lego અને બિલ્ડિંગ બ્લૉક્સ, રિમોટ કંટ્રોલ કાર અને ડ્રોન ટેક્નોલોજી આધારિત ટોયઝ, વિવિધ થીમની બાર્બી અને ફેશન ડોલ્સ, એક્શન ફિગર અને સુપર હીરો ટોયઝ, પ્લશ ટોયઝ, વિજ્ઞાન, રોબોટિક્સ અને કોડિંગ શીખવતા ટોયઝ, વોઈસ, લાઈટ્સ અને AI આધારિત સ્માર્ટ ટોયઝ ખરીદે છે.



## બાળકની સ્પીચ ડેવલપમેન્ટમાં ડીલે થાય છે, સ્માર્ટ વર્ક ઝડપી કરી શકે છે: સાક્ષી શાહ



સાયકોલોજીસ્ટ સાક્ષી શાહે જણાવ્યું કે, બાળકને અર્લી એજમાં જ ફોન બતાવવાનું સ્ટાર્ટ કરો તો તે બાળક આસપાસના અવાજ તરફ ધ્યાન કેન્દ્રિત નથી કરી શકતા એટલે સ્પીચ ડેવલપમેન્ટમાં ઈશ્યુ આવે છે. જોકે, આ બાળકો સ્માર્ટ વર્ક જલ્દી કરી શકે છે. જેન આલ્ફા બાળકોમાંના કેટલાય બાળકો નાની નાની એપ પરથી નવી નવી લેંગ્વેજ શીખતાં હોય છે. ફોન હવે જરૂરિયાત બની ગયું છે. અમારી પાસે એવી ફરિયાદો આવતી હોય કે, બાળક ભણવા કરતા 8-9 કલાક ફોન પર જ વિતાવે છે, કેટલાંક બાળકો એક દોઢ કલાક જ ફોન હાથમાં લેતાં હોય તેવા બાળકને પણ તકલીફની ફરિયાદો આવે છે. અહીં પેરેન્ટ્સની ભૂમિકા મહત્ત્વની બની જાય છે. તેમની પાસે સમય ના હોય બાળક સાથે ટાઈમ સ્પેન્ડ કરવા માટે એટલે એકલું પડેલું બાળક ફોન પર વધારે સમય વિતાવે. બાળક મોબાઈલ ફોન જોયા વગર ખાતું નથી એવું લાગે તો બાળકને થોડીવાર સ્ક્રીન બતાવો, પછી સ્ક્રીન હટાવી પેરેન્ટ્સ બાળકને ગમતાં ગીત ગાય આ રીતે સ્ક્રીન ટાઈમ ઘટાડી શકાય.

## 82% Gen Alpha બાળકો યુ-ટ્યુબનો વધારે ઉપયોગ કરે છે

સુરતની Gen Alpha બાળકો કાર્ટૂન વીડિયો જોવા, આર્ટ એન્ડ ક્રાફ્ટ શીખવા, મનોરંજન મેળવવા યુ-ટ્યૂબનો વધારે ઉપયોગ કરે છે. આ જનરેશનના લગભગ 82% બાળકો ટુ-ટ્યૂબ વધારે વાપરે છે. ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ 11-12 વર્ષના મોટા બાળકો રીલ્સ અને ફોટા જોવા ઉપયોગ કરે છે. મિત્રો સાથે ફોટા અને ચેટ શેર કરવા સ્નેપચેટ, ડિઝની અને હોટસ્ટાર ફિલ્મો અને શો જોવા યુઝ કરે છે. એવું કહેવાય છે કે, સુરતમાં કોવિડ-19 દરમિયાન એક સ્ટડી પ્રમાણે ઓનલાઈન અભ્યાસ માટે Gen Alpha બાળકો દ્વારા ઝૂમ એપ્લિકેશનનો 23%, ગૂગલ ક્લાસરૂમની 16%, વોટ્સએપનો 17%, સ્કૂલની એપનો, 15%, યુ-ટ્યૂબનો, 11% અને શૈક્ષણિક પોર્ટલનો 9% ઉપયોગ થતો હતો.




## પ્રિ-ટીન અને ટીનએજ છોકરીઓ ફેશન અને બ્યૂટી સંબંધિત વીડિયો જોતી હોય

જનરેશન આલ્ફા પ્રિ-ટીન અને ટીનએજ છોકરીઓ ફેશન પ્રત્યે ઘણી સભાન રહે છે. તેમને ટીપટોપ રહેવું હોય છે. આ જનરેશનની છોકરીઓ કપડાના સ્ટાઈલિંગ આઈડિયા, હેરસ્ટાઈલ, નેલઆર્ટ, લાઈટ મેકઅપનો ડેમો, સ્કીનકેર અને ત્વચાની કાળજી રાખવાની ટિપ્સ મોબાઈલ ફોન પર યુ-ટ્યુબ પરથી મેળવે છે. તેઓ આના માટે ગેટ રેડી વિથ મી અને આઉટ ઓફ ધ ડે વીડિયો જોતી હોય છે.

## પિઝા, બર્ગર, નગેટ્સ, ડોનટ્સ, રૅપ્સ, ટાકોઝ ઓનલાઇન મંગાવે

આ જનરેશનના બાળકોમાં ઘરના સાદા ભોજન કરતા ફેન્સી ફાસ્ટ ફૂડ વધારે લોકપ્રિય છે. તેઓ પિઝા, બર્ગર, નૂડલ્સ અને પાસ્તા, નગેટ્સ, ફ્રેંચ ફ્રાઈઝ, કપકેક, રેપ્સ, સેન્ડવીચ, ટાકોઝ, બ્રાઉની મંગાવે અથવા પેરેન્ટ્સને ઓનલાઈન ઓર્ડર કરવાનું કહેતા હોય છે. આ બાળકો વધારે ઓનલાઈન ઓર્ડર આપી ચિપ્સ, કોલ્ડ ડ્રિંક્સ, ચોકલેટ મંગાવતા હોય છે.



## સુરતમાં લગભગ 70થી 80 ટકા બાળકો કોઈને કોઈ રીતે મોબાઈલ ફોન યુઝ કરે છે



AI જનરેટેડ

સુરતની વાત કરીએ તો ખરેખર કેટલા ટકા જનરેશન આલ્ફાના બાળકો મોબાઈલ ફોન યુઝ કરે છે તે કળવું મુશ્કેલ છે પણ લગભગ 70થી 80 ટકા બાળકો કોઈને કોઈ રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. સ્ટડી રિલેટેડ કે આર્ટ એન્ડ ક્રાફ્ટ શીખવા, ડાન્સ શીખવા, નવી લેંગ્વેજ શીખવા, વીડિયો કોલિંગથી દૂર રહેતા દાદા દાદી કે નાના નાની સાથે વાત કરવા મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. બાળકો સ્કૂલમાંથી પિકનિક જતા હોય કે પછી ઓનલાઈન સ્ટડી કરવાની હોય ત્યારે પેરેન્ટ્સ તેમને પર્સનલ મોબાઈલ ફોન અપાવતા હોય. ભારતમાં લગભગ 73% જનરેશન આલ્ફા બાળકો પાસે પોતાના સ્માર્ટફોન છે.

## યુ-ટ્યુબ પર વિજ્ઞાનના પ્રયોગો જુએ, અંગ્રેજી સોંગ્સ સાંભળે

13 વર્ષની ધ્યાનવીના મધર મિતાલીબેન હાથીવાલાએ જણાવ્યું કે, મારી દીકરી એક વર્ષની થઈ ત્યારે મોબાઈલ ફોન પર કાર્ટૂન કે કોઈ બાળકો રિલેટેડ મૂવીઝ કે સિરિયલ બતાવો તો જ તે જમતી. તેની આ આદત છોડાવવા અમે વાર્તાઓ વાંચીને તેને સંભળાવતા અને તેની સાથે ગેમ્સ રમતા પણ થોડો સમય અમને સક્સેસ મળતી પછી ફરી તેની મોબાઈલ ફોન જોતા જોતા જમવાની આદત રિપીટ થતી. અત્યારે તેને સાયન્સ સબ્જેક્ટમાં ઘણી રુચિ છે તો તે યુ-ટ્યુબ પર સાયન્સ રિલેટેડ પ્રયોગ વિશે માહિતી મેળ. તે મોબાઈલ ફોનમાં એકલું મ્યુઝિક વગાડે અને પોતે ગીતો ગાતી હોય. સ્કૂલમાં કોરોના કાળ દરમિયાન ઓનલાઈન સ્ટડી થવા લાગી ત્યારે તેને મોબાઈલ ફોનનો ઉપયોગ કઈ રીતે કરવો, કેવી રીતે સર્ચ કરવું, કઈ રીતે ડાઉનલોડ કરવું તેની સમજ આવવા લાગી.



---

બનારાસની ગંગા આરતી વિશે આપણે બધા જ જાણીએ છીએ. ત્યાં દશાશ્વમેઘ ઘાટ પર સૂર્યાસ્ત બાદ ભવ્ય અને દિવ્ય આરતીનું આયોજન થાય છે. પણ શું તમને ખબર છે સુરતમાં પણ તાપી માતાની રોજ આરતી થાય છે. તમે અંબિકાનિકેતન પાસે તાપી કિનારે જશો તો ત્યાં રોજ સાંજે સૂર્યાસ્ત બાદ તાપી માતાની સ્તુતિ અને આરતી થતી હોવાનું જોવા મળશે. લગભગ પોણા ત્રણ વર્ષથી આ આરતીનું આયોજન થાય છે. શંખનાદ, વિશાળ પિત્તળના દિવાઓ, ધૂપ અને મંત્રોચ્ચાર સાથે થતી આ આરતીનું આયોજન કોના દ્વારા થાય છે, કેમ તાપી માતાની આરતી કરવાનો વિચાર આવ્યો, આ આરતીમાં શું સુરતી યંગસ્ટર્સ પણ જોડાય છે? ચાલો આપણે આ બધા પ્રશ્નોના જવાબ આ આર્ટિકલના માધ્યમથી જાણીએ...

# યુવાનોએ સંભાળી આસ્થાની ડોર, તાપી કિનારે રોજ થાય છે આરતી





## એક સમયે આરતી સંચાલન બંધ કરવાનો વિચાર આવ્યો

આરતીની શરૂઆત થઈ ત્યારે જે જોડાયા હતાં તેમના કેટલાંક મિત્રો સાથ છોડીને ચાલ્યા ગયા અને આરતીમાં જોડાનાર લોકો પણ બહુ નહીં હતા, તો એક દિવસ અવધેશભાઈને વિચાર આવ્યો કે હવે આરતી સંચાલન બંધ કરવું પડશે. એ ક્ષણે ફરી વિચાર આવ્યો કે, આરતી લોકો માટે થાય છે કે તાપી માટે? તાપી માટે આરતી થઈ રહી છે તો એ બંધ કેમ કરવી. લોકોનો સાથ મળે કે ના મળે આરતી સંચાલન બંધ નહીં થાય. આરતી માટે કોઈ પાસેથી પૈસા નથી લેવાતાં પણ વ્યક્તિની ઈચ્છા પ્રમાણે પ્રસાદની વ્યવસ્થા કરી આપે છે.

## પહેલી આરતી કિન્નર સમાજ તરફથી કરવમાં આવી

નમામી તાપી સૂર્યપુત્રી આરતી પરિવાર દ્વારા તાપી માતાની આરતીની શરૂઆત થઈ. પ્રથમ આરતી કિન્નર સમાજના 100-150 વ્યક્તિઓએ કરી. શરૂઆતમાં આરતી માટેના સાધનો નહીં હતાં તો અંબેશ મિશ્રા પોતાની સાથે અવધેશ મિશ્રા અને તેમના સાથીઓને ભાગળ લઈ ગયા અને 3200 રૂ.ના આરતીના વાસણો લઈ આપ્યા. ઘી અને રૂની દિવેટની વ્યવસ્થા અવધેશ મિશ્રાએ પોતાના પૈસાથી કરી. શરૂઆતમાં તો તાપીની આરતી માટે 10થી 15 જણ જોડાયેલા હતા. અત્યારે સ્વચ્છતા મિશન સાથે જોડાયેલા શિવમ મિશ્રા, ભાવેશ ભગત, બંસીધર પાંડેજી અને રણવીજય મહારાજ આરતી સંચાલનમાં સેવા આપે છે.





## આરતીમાં રોજ તાપી માતાની સ્તુતિ થાય છે, યુવાઓની સંખ્યા વધી

રોજ સાંજે 6.30 વાગે આરતી પ્રારંભ થાય છે અને તે અડધોથી પોણો કલાક ચાલે છે. બનારસ જેવી આરતી અહીં કરવાનો પ્રયાસ થાય છે. ગુરુ વંદના, તાપી માતાની આરતી અને સ્તુતિ બધું જ ક્રમબદ્ધ થાય છે. આ આરતીમાં અમદાવાદ, મુંબઈથી આવતા લોકો પણ જોડાય છે. સુરત સિટીના ગોડાદરા, ડીંડોલી, ઉધના, જહાંગીરપુરા, અડાજણ, સિટીલાઈટ, પાર્લે પોઈન્ટ અને અન્ય વિસ્તારો, કડોદરા, ઓલપાડ વિ. જગ્યાઓ પરથી પણ લોકો આવે છે. હવેના યુવાઓ અધ્યાત્મ તરફ વળવા લાગ્યા છે. આ માર્ગે તેઓ સ્ટ્રેસ ફ્રી થતા હોવાનું અનુભવે છે એટલે હવે ઘણા યુવાઓ આ આરતીમાં જોડાય છે અને પ્રસાદ પણ ગ્રહણ કરે છે.

CITY સ્કોપ

## એક વિચાર આવ્યો અને તાપી મૈયાની આરતી શરૂ કરી



મૂળ બનારસના અવધેશ અંબિકાપ્રસાદ મિશ્રા 18 વર્ષ પહેલાં રોજીરોટીની તલાશમાં સુરત આવ્યા હતાં. એક દિવસ તેમને વિચાર આવ્યો કે મારી જન્મભૂમિ બનારસમાં તો રોજ ગંગા મૈયા (ગંગા નદી)ની આરતી થાય છે તો સુરત મારી કર્મભૂમિ છે, અહીં વહેતી તાપી માતાની આરતી કેમ નહીં કરવી? પછી મેં તાપી નદીની વિશેષતાઓ જાણવા ગૂગલ પર તાપી નદીનાં મહત્ત્વ વિશે સર્ચ કર્યું. ત્યારબાદ અહીં વિદ્વાનો પાસેથી તાપી નદીની વિશેષતાઓ જાણી અને પછી અહીં ગૌરક્ષા સાથે જોડાયેલા ધર્મેશભાઈ ગામી સમક્ષ મારા વિચાર વ્યક્ત કર્યા અને 15 ઓક્ટોબર 2023 નવરાત્રી દરમિયાન તાપી નદીની આરતી કરવાનું શરૂ કર્યું. તાપી માતાની આરતી પાર્લે પોઈન્ટ સ્થિત અંબિકાનિકેતનની પાછળ તાપી કિનારે શરૂ થઈ.